# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-06-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

**********************************************

- ✓ ગુજરાતની સુરત સિવાય દેશની 542 લોકસભા બેઠક માટે આજે મતગણતરી
- ✓ આંધ્રપ્રદેશ, ઓડિશાની વિધાનસભા ચૂંટણીઓ અને ગુજરાતની પાંચ વિધાનસભા સહિત અન્ય રાજ્યોમાં યોજાયેલી પેટાચૂંટણીઓની આજે મતગણતરી.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિત દિગ્ગજ નેતાઓના ભાવિનો આજે નિર્ણય
- ✓ આસામમાં પૂરની ગંભીર સ્થિતિ યથાવત - 10 જિલ્લામાં 6 લાખથી વધુ લોકો અસરગ્રસ્ત
- ✓ ગત મહિને દેશમાં કોલસાનું ઉત્પાદન 84 મિલિયન ટન પર પહોંચ્યું
- ✓ આઈસીસી ટી-20 વિશ્વકપમાં ક્રિકેટમાં ગઈકાલે દક્ષિણ આફ્રિકાએ શ્રીલંકાને હરાવ્યું - અફઘાનિસ્તાન યુગાન્ડા વચ્ચે ચાલી રહેલી મેચમાં અફઘાનિસ્તાને .... રનનો લક્ષ્યાંક આપ્યો

✓ **********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# COUNTING-VOTES

લોકસભાની સામાન્ય ચૂંટણી, આંધ્રપ્રદેશ અને ઓડિશાની વિધાનસભા ચૂંટણીઓ અને ગુજરાતની પાંચ વિધાનસભા સહિત અન્ય રાજ્યોમાં યોજાયેલી પેટાચૂંટણીઓની મતગણતરી આજે હાથ ધરાશે. તમામ મતગણતરી કેન્દ્રો ઉપર સવારે 8 વાગ્યાથી મતગણતરી શરૂ થશે. સૌથી પહેલાં પોસ્ટલ બેલેટના મતની ગણતરી થશે. ચૂંટણી પંચે જણાવ્યું કે તમામ મતગણતરી કેન્દ્ર ઉપર ત્રિસ્તરીય સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગુજરાતની સુરત લોકસભા બેઠક ચૂંટણી પહેલાં જ બિન હરીફ જાહેર થતાં આ બેઠક સિવાય 542 લોકસભા બેઠકો માટે આજે મતગણતરી હાથ ધરાશે.

ચૂંટણી પંચે જણાવ્યું કે મતગણતરીનાં વલણ અને પરિણામ ચૂંટણી પંચની વેબસાઇટ **results.eci.gov.in** તેમ જ વોટર હેલ્પલાઇન મોબાઇલ એપ્લીકેશન પર ઉપલબ્ધ રહેશે. આ વોટર હેલ્પલાઇન એપ ગૂગલ પ્લે સ્ટોર અથવા એપલ સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાશે. ગુજરાત રાજ્યનાં મુખ્ય ચૂંટણી કમિશનર પી.ભારતીએ જણાવ્યું હતું કે, લોકસભાની સામાન્ય ચૂંટણી તથા રાજ્ય વિધાનસભાની પેટાચૂંટણીઓ સંદર્ભે રાજ્યના 26 મતગણતરી કેન્દ્રો પર મતગણતરી કરવામાં આવશે.

ગુજરાતના 26 મતગણતરી કેન્દ્રો પર લોકસભા સાથે રાજ્ય વિધાનસભાની યોજાયેલી પેટાચૂંટણીની મતગણતરી હાથ ધરાશે. જે અંતર્ગત અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ સાત વિધાનસભા વિસ્તારોના કુલ 1517 મતદાન મથકો પર યોજાયેલા મતદાનની મતગણતરી ગુજરાત કોલેજ ખાતે થશે.

ત્રિપુરા રાજ્યમાં સાત જગ્યાએ છથી 10 રાઉન્ડમાં મતગણતરી થશે. મણિપુરમાં 11 જિલ્લાઓમાં 24 મતગણતરી કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાં 14 હજારથી વધુ કર્મચારીઓ 39 જગ્યાઓ પર મતગણતરીમાં ભાગ લેશે. મહારાષ્ટ્રમાં 1121 ઉમેદવારો મેદાનમાં છે. જેમાં કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરી, પિયુષ ગોયલ સહિત અન્યોનો સમાવેશ થાય છે. તમિલનાડુમાં 39 લોકસભા બેઠકો માટે મતગણતરી થશે.

# CEC Rajiv Kumar

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું છે કે ભારતે લોકસભાની ચૂંટણીમાં 64.2 કરોડ મતદારોની ભાગીદારી સાથે વિશ્વ વિક્રમ સર્જ્યો છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી કુમારે જણાવ્યું કે, આ આંક G-7માં સામેલ દેશોનાં મતદારો કરતા દોઢ ગણો છે. તેમણે જણાવ્યું કે, આ લોકસભા ચૂંટણીમાં 31.2 કરોડ મહિલા મતદારોએ પોતાનો મત આપ્યો હતો, જે વિશ્વમાં સૌથી વધુ છે. તેમણે જણાવ્યું કે, 2019ની સામાન્ય ચૂંટણીમાં 540ની સરખામણીમાં આ ચૂંટણીમાં માત્ર 39 મતદાન કેન્દ્રો પર જ પુનઃ મતદાન થયું હતું. શ્રી કુમારે જણાવ્યું કે, ચૂંટણી ક્વાયતમાં 68 હજાર નિરીક્ષણ ટૂકડીઓ અને દોઢ કરોડ ચૂંટણી અને સલામતી કર્મચારીઓ જોડાયા હતા.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું કે, ચૂંટણી દરમિયાન હિંસાનો કોઈ મોટો બનાવ બન્યો નથી. વિવિધ સત્તાવાળાઓ દ્વારા રોકડ, મફતની ચીજો, નશીલા દ્રવ્યો અને શરાબ સહિત આશરે રૂપિયા દસ હજાર કરોડની જપ્તી કરવામાં આવી છે. 2019માં રૂપિયા ત્રણ હજાર પાંચસો કરોડની જપ્તી કરવામાં આવી છે.. તેમણે જણાવ્યું કે, ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતા ભંગની 495 ફરિયાદોમાંથી 90 ટકાથી વધુ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે.

# VIP CANDIDATES

દેશભરમાં આજે મતગણતરી બાદ 18મી લોકસભા ચૂંટણી માટેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. આજે પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી, કેન્દ્રિય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ, કેન્દ્રિય મંત્રી અનુરાગસિંહ ઠાકુર, કેન્દ્રિય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રિય મંત્રી પરશોત્તમ રૂપાલા, ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદ, અભિનેત્રી અને ભાજપનાં ઉમેદવાર કંગના રણૌત, અભિનેતા અને ભાજપના ઉમેદવાર રવિ કિશન, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, વિક્રમાદિત્ય સિંહ જેવા અગ્રણી નેતાઓનું પણ ભાવિ મતગણતરી બાદ નક્કી થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠનેતા નરેન્દ્ર મોદી વારાણસી, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગર, કેન્દ્રિય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા પોરબંદર, કેન્દ્રિય મંત્રી પરશોત્તમ રૂપાલા રાજકોટ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી રાયબરેલી અને વાયનાડ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો .

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો .વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

# ASSAM-FLOOD

આસામમાં પૂરની ગંભીર સ્થિતિ યથાવત છે. રાજ્યના 10 જિલ્લાઓમાં 6 લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. આસામ રાજ્ય સરકારે અસરગ્રસ્ત જિલ્લાઓમાં 191 રાહત કેમ્પ અને 108 રાહત વિતરણ કેન્દ્રો શરૂ કર્યા છે. NDRF અને SDRF ની ટુકડીઓ તૈનાત કારવામાં આવી છે. ગત ચોવીસ કલાકમાં કાછર જિલ્લામાં 4 વ્યક્તિઓએ પૂરના કારણે જીવ ગુમાવ્યા જ્યારે 4 વ્યક્તિઓ ગુમ થયા છે. જે સાથે જ મૃત્યુ આંક વધીને 18 થઈ ગયો છે. 577 ગામડાઓમાં 6 હજાર હેક્ટરથી પણ વધુ જમીન વિસ્તારમાં ખેતીના પાકને નુકસાન થયું છે.

આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાના જણાવ્યા અનુસાર અમુક જિલ્લાઓમાં રોડ અને અન્ય ઇમરતોને પૂરથી ભારે નુકસાન થયું છે. પૂરની સ્થિતિને કારણે ઉત્તરપૂર્વીય રેલ્વેએ ન્યુ હાફલોન્ગ અને ચંદ્રનાથપૂર વિભાગ વચ્ચેની ટ્રેનો આવતીકાલ સુધી રદ કરવામાં આવી છે. .

# ISRAEL HUMLO

મધ્ય ગાઝા પર રવિવાર–સોમવારની રાત્રિએ ઈઝરાયેલના હુમલા બાદ ત્રણ બાળકો અને એક મહિલા સહિત 11 લોકોના મૃત્યુ નીપજ્યા છે. પેલેસ્ટાઈનના આરોગ્ય અધિકારીઓએ ગઈકાલે આ અંગે માહિતી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રવિવારની મોડી રાત્રે બુરિજ શરણાર્થી શિબિરમાં એક ઘર પર થયેલા હુમલામાં ત્રણ બાળકો સહિત ચાર લોકોના મૃત્યુ નીપજ્યા હતા. ગઈકાલે વહેલી સવારેનુ સરિરત શરણાર્થી શિબિરમાં બીજા હુમલામાં એક મહિલા સહિત સાત લોકોના મૃત્યુ નીપજ્યા.

# COAL-PRODUCTION.rtf

ભારતનું કોલસાનું ઉત્પાદન ગયા મહિને લગભગ 84 મિલિયન ટન સુધી પહોંચ્યું છે. જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 10 ટકાથી વધુ છે. ગયા વર્ષે તે સાત કરોડ 60 લાખ ટનથી વધુ હતું. કોલસા મંત્રાલયે જણાવ્યું હતું કે કોલ ઈન્ડિયા લિમિટેડે આ સમયગાળા દરમિયાન 64 મિલિયન ટનથી વધુ કોલસાનું ઉત્પાદન કર્યું હતું. જે ગત વર્ષના સમાન સમયગાળા કરતા 7.46 ટકા વધુ છે. આ ઉપરાંત આ વર્ષે મે મહિનામાં અન્ય કંપનીઓ અને એકમો દ્વારા ની ખાણોમાંથી એક કરોડ સાડત્રીસ લાખ એંસી હજાર ટન કોલસાનું ઉત્પાદન થયું હતું, જે ગયા વર્ષની સરખામણીમાં 32.76 ટકા વધુ છે. ગયા મહિને ભારતનો કુલ કોલસાનો પુરવઠો અંદાજે 91 મિલિયન ટન સુધી પહોંચ્યો હતો. જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતા 10 ટકા વધુ છે..

# SINGAPORE OPEN BADMINTON

ઇન્ડોનેશિયાના જકાર્તામાં આજથી શરૂ થનાર સિંગાપુર ઓપન બેડમિન્ટન સ્પર્ધામાં ભારતના ટોચના ખેલાડીયો આજે તેમની રમતની શરૂઆત કરશે. એચ એસ પ્રનોય, કીદામ્બિ શ્રીકાંત, પ્રિયાંશુ રાજવત  અન્ય ભારતીય ખેલાડીઓ. સિક્કિ રેડ્ડી અને બી સુમિત  રેડ્ડી મિક્સ્ડ ડબલ્સમાં જ્યારે ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદ મહિલા ડબલ્સમાં ભાગ લેશે. તનિશા ક્રશતો અને અશ્વિની પોનપ્પા તથા શ્વેતાપર્ણા પાંડા અને ઋતુપર્ણા પાંડા મહિલા ડબલ્સમાં ભાગ લેશે. જ્યારે ભારતની સ્ટાર ખેલાડી પી વી સિંધુ અને આકર્ષી કશ્યપ મહિલા સિંગલ્સમાં ભાગ લેશે. ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રેડ્ડી પુરુષ સિંગલ્સ શ્રેણીમાં રમશે..

# WOMEN'S FOOTBALL

ફૂટબોલમાં ભારતની સિનિયર મહિલા ટીમ ઉજબેકિસ્તાન સામે આજેબિજી મૈત્રીપૂર્ણ મેચ રમશે. મેચ સાંજે 5.30 વાગ્યે તાશકન્તના બુનીઓકડોર સ્ટેડિયમમાં રમાશે. ઉલ્લેખનીય છેકે, પ્રથમ મેચમાં ભારતની ટીમને 3-0 થી ઉઝબેકિસ્તાન સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

# NT.-T20-CRICKET.rtf

ICC T-20 ક્રિકેટ વિશ્વકપમાં દક્ષિણ આફ્રિકાએ શ્રીલંકાને છ વિકેટે હરાવ્યું છે. ન્યૂયોર્કના નાસઉ કાઉન્ટી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં શ્રીલંકાની ટીમ પ્રથમ બેટિંગ કરતાં 19 ઓવરમાં 77 રન બનાવી ઓલઆઉટ થઈ હતી. દક્ષિણ આફ્રિકાના એનરીક નોર્ટેજે ચાર વિકેટો ઝડપી હતી.

જવાબમાં દક્ષિણ આફ્રિકાએ 16 ઓવરમાં બે બોલમાં 80 રન બનાવી મેચ જીતી લીધી હતી.

આ સ્પર્ધામાં આજે અફઘાનિસ્તાન અને યુગાંડા વચ્ચે મુકાબલો ચાલી રહ્યો છે. અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરતાં યુગાન્ડાને 184 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

# Mexico President

મેક્સિકોનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે ક્લોડિયા શિનબામ ચૂંટાઈ આવ્યાં છે. દેશની રાષ્ટ્રીય ચૂંટણી સંસ્થાએ જાહેરાત કરી છે કે શાસક મોરેના પાર્ટીનાં ઉમેદવાર ક્લૌડિયા શિનબામ આશરે 58થી 60 ટકા મતો મેળવીને ચૂંટણીમાં વિજેતા બન્યા છે. તેમણે તેમનાં નજીકના હરીફ શોચિટ ગાલ્વેઝને હાર આપી છે, જેઓ મોટા ભાગનાં રૂઢીચુસ્ત પક્ષોનાં જૂથનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે..

ઉલ્લેખનીય છે કે, સુશ્રી શિનબામ એંડ્રેસ મેન્યુઅલ બોયેઝ ઓબ્રાડોરનું સ્થાન લેશે.